॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૪૯ ● એપ્રિલ - ૨૦૨૩

રૂા. ૫-૦૦/-

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજીત

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ - ભુજ

૧૮ એપ્રિલ ૨૦૨૩, ચૈત્ર વદ ૧૩, મંગળવાર થી ૨૬ એપ્રિલ ૨૦૨૩ વૈશાખ સુદ ૬, બુધવાર

- અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ
- અહૈતુકી દયા કરનારા
- અનંતકલ્યાણકારી ગુણોના સાગર એટલે આપણા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીનરનારાયણદેવ.
- આવા દેવનો દ્વિશતાબ્દી મહોત્સવ એટલે આપણો મહોત્સવ

## આમંત્રણ પત્રિકા



: મહોત્સવ સ્થળ :

"બદ્રિકાશ્રમ" શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરઝાપર રોડ, ભુજ - કચ્છ.

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઐતિહાસિક આમંત્રણ પત્રિકાનું વિમોચન, શ્રી નરનારાયણદેવ જયંતી તથા પ્રભાત ફેરી સમાપન - ભુજ










## દેશ વિદેશમાં વસતા  હરિભક્તો માટે આમંત્રણ વિડીયોનું પણ લોચીંગ કરાયું : કચ્છભરમાં છેલ્લા બે વર્ષથી દર માસની સુદ-પાંચમનાં દિવસે વાજતે ગાજતે નિકળતી પ્રભાત ફેરીઓને વિરામ અપાયો

ભુજ શ્રી સ્વામિનારાયણ મદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીના ઉપલક્ષમાં સમગ્ર કચ્છમાં છેલ્લા બે વર્ષથી દર માસની સુદ-પાંચમના દિવસે વાજતે ગાજતે પ્રભાત ફેરી કાઢવામાં આવતી હતી. આ પ્રભાતફેરીને ગત તા. ૮-૩-૨૦૨૩નાં રોજ શ્રી નરનારાયણદેવ જયંતીનાં દિવસે વિરામ આપવાનો કાર્યક્રમ ભુજ સ્વામિનારાણ મંદિરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છ, ભુજ ચોવિસી, વાગડ, ગુજરાત દેશ, વિદેશના હજ્જારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતાં.

આ પ્રભાત ફેરીઓને પાચ રૂટમાં વિભાજીત કરવામાં આવી હતી. ગામોગામમાં વસતા હરિભક્તો શ્વેત વસ્ત્રમાં સજ્જ થઈ શુશોભીત શણગાર સજાવેલા વાહનોમાં શ્રી નરનારાયણદેવને બિરાજમાન કરી શહેરનાં મુખ્ય માર્ગો ઉપર પસાર થઈ આ પ્રભાત ફેરી વાજતે ગાજતે ભુજ મંદિરનાં પટાંગણમાં પહોંચી હતી.

અહીં મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોએ ફુલોની વર્ષા કરીને પ્રભાત ફેરીને ઉમળકાભેર આવકારી હતી. બાદમાં ઉપસ્થિત તમામ લોકો પરિશરનાં ડોમમાં એકત્રીત થયા હતાં. અહીં શ્રી નરનારાયણદેવની પૂજા-અર્ચન કરવામાં આવી હતી. બાદમાં મહંતસ્વામી સહિતનાં સંતોની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઐતિહાસિક આમંત્રણ પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેની સાથે સાથે દેશ વિદેશમાં વસતા  હરિભક્તો માટે આમંત્રણ વિડીયોનું પણ લોંચીંગ કરવામાં આવ્યું હતું. આ તકે ભુજ સ્વામિનારાણ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા વિવિધ ગામો વચ્ચે ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા થયેલા ખેલાડીઓને મહંત સ્વામીના હસ્તે ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમનાં અંતમાં ઉપસ્થિત તમામ હરિભક્તો પ્રસાદ લઈને છુટા પડ્યા હતાં. કાર્યક્રમ સંચાલન શા.સ્વામી દેવચરણદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કર્યું હતું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥

॥ मानव सेवा प्रभु सेवा ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૪ ● એપ્રિલ - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૪૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું



પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith


ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


| | | |
|---|---|---|
| ૦૧. | તંત્રીની કલમે | ૦૪. |
| ૦૨. | આમંત્રણ પ્રત્રિકા | ૦૬. |
| | સત્સંગ સમાચાર - દેશ | |
| ૦૩. | ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત સંમેલન યોજાયું | ૧૪. |
| ૦૪. | દર્દીઓ માટે આશીર્વાદ સમાન ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત મેગા મેડિકલ કેમ્પો | ૧૫. |
| ૦૫. | ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સતત બે માસ સુધી ચાલેલી મહાપૂજાનું સમાપન | ૧૫. |
| ૦૬. | ભુજમાં દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમ ખાતે વિજય ધ્વજ લહેરાવાયો | ૧૬. |
| ૦૭. | ભુજનાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો | ૧૭. |
| ૦૮. | ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સતત ત્રણ દિવસ સુધી વિદ્વાનો દ્વારા શાસ્ત્રાર્થ | ૧૮. |
| ૦૯. | ભુજની છાત્રા કલા મહાકુંભમાં ઝોન કક્ષાએ લગ્નગીતમાં પ્રથમ | ૧૮. |
| ૧૦. | ભુજની દિકરીઓએ કલા મહાકુંભની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વગાડ્યો કચ્છનો ડંકો | ૧૯. |
| ૧૧. | શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે કરવામાં આવી માતૃભાષા દિવસની ઊજવણી | ૧૯. |
| ૧૨. | શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની ઉજવણી | ૨૦. |
| ૧૩. | માંડવી સ્વામિનારાયણ મંદિરમાં માતા પિતાનાં પૂજનનો કાર્યક્રમ યોજાયો | ૨૦. |
| ૧૪. | મુન્દ્રામાં સત્સંગી બહેનોએ વિશ્વ મહિલા દિને આગવા અંદાજમાં નારી શક્તિનો પરિચય આપ્યો | ૨૧. |
| ૧૫. | અંજાર સ્વામિનારાયણ મંદિરમાં રાત્રી સત્સંગ સભા, પુષ્પદોલોત્સવ, ગુણાનુવાદ સભા યોજાઇ | ૨૧. |
| | સત્સંગ સમાચાર - વિદેશ | |
| ૧૬. | કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પત્રિકાનું વિમોચન | ૨૨. |
| ૧૭. | ભુજ મંદિરના વરિષ્ટ સંત સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીનો અક્ષરવાસ. | ૨૩. |

# તંત્રીની કલમે...

જયારે આ અંક આપના કરકમળમાં આવશે ત્યારે ભુજ મંદિર દ્વારા દબદબાભેર ઉજવાઈ રહેલો શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ તેની ચરમસીમાએ પહોંચી ચૂકયો હશે અને સંતો તેમજ હરિભક્તોના હૈયામાં હર્ષની હેલી હિલોળા લેતી હશે અને તેમનો આનંદ પરાકાષ્ઠાએ પહોંચ્યો હશે.

વિક્રમ સંવત ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમના પાવનકારી દિવસે ભુજ મંદિરમાં શ્રીજી મહારાજે બાથમાં ઘાલીને શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી ત્યારે હર્ષઘેલા બનેલા હરિભક્તોને વચન આપતાં જણાવ્યું કે આ મૂર્તિઓ અમારું જ સ્વરૂપ છે અને આ સ્વરૂપોના આશ્રયમાં રહેનારા સદાય સુખિયા રહેશે. આ શુભ ઘડીને ૨૦૦ વર્ષના વહાણાં વહી ગયાં ત્યારથી આજ પર્યંત કચ્છના હરિભક્તો અડગ આસ્થા અને પૂર્ણનિષ્ઠા સાથે શ્રી નરનારાયણદેવના આશ્રયમાં રહ્યા છે અને માત્ર સુખિયા થયા છે એટલું જ નહીં પરંતુ સમૃદ્ધ અને સંપત્તિવાન પણ થયા છે.

શ્રી સહજાનંદ સ્વામી રચિત તેમજ આપણા સંપ્રદાય દ્વારા માન્ય સત્‌શાસ્ત્રોના પઠન, શ્રવણ, મનન અને ચિંતન દ્વારા તેમજ જ્ઞાન, ભક્તિ, ધર્મ અને વૈરાગ્ય યુક્ત આપણા સદ્‌ગુરુ સંતો સાથે સમાગમ કરતા મળેલી પ્રેરણાને અનુસરીને પોતાના જીવનમાં સેવા, સમર્પણ, સહકાર, સહયોગ, સંવેદના, સદાચાર, સદ્‌વિચાર, સંપ, સચ્ચાઈ, સહાય,શિસ્ત સન્મતિ, શ્રીજી પ્રતિ શ્રદ્ધા, સંતો પ્રતિ સન્માન જેવા સદ્‌ગુણો જે હરિભક્તોએ વણી લીધા છે તેમનું જીવન સાર્થક અને સફળ થઈ જાય છે, પરિવારમાં અને સમાજમાં સન્માન મળે છે. સંતોનો રાજીપો અને આશીર્વાદ મળે છે અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

કેટલીક ભૂમિ એવી હોય છે કે ત્યાં પગ મુકતાં જ દુન્યવી દુઃખો અને વિટાંબણાઓથી જાણે મુક્તિ મળતી હોય તેવો અહેસાસ થાય છે. હૈયામાં અદ્‌ભુત પ્રકારની શીતળતા સાથે ટાઢકની અનુભૂતિ થાય છે અને મન-મસ્તીકમાં શાંતિ વ્યાપી જાય છે. ૨૦૦ ફૂટ ઊંચા સુવર્ણ વિજય સ્તંભ પર લહેરાતા ગગનચૂંબી અને ગૌરવંતા વિજય ધ્વજની નિશ્રામાં નિર્માણ પામેલું 'બદ્રિકાશ્રમ' પણ એવું જ પાવનકારી અને પવિત્ર સ્થળ છે. બદ્રિકાશ્રમના પૂર્ણ પરિસરમાં પુરુષાર્થ અને પરિશ્રમનો પમરાટ પ્રસરી રહ્યો છે અને પૂર્ણ પુરુષોત્તમની પ્રસન્નતાની પ્રતીતિ કરાવે છે. સૃષ્ટિના સર્જનહાર શ્રી સહજાનંદ સ્વામીના સેવકોએ સૂઝસભર સમજ સાથે તૈયાર કરેલા. સૌંદર્યથી શોભાયમાન સર્જનોનાં દર્શન કરતાં શીતળતા અને શાંતિની અનુભૂતિ થાય છે, જેમાં વિચરણ કરતા ભક્તિના રંગે રંગાઈ જવાય છે અને સમસ્યાઓ વિસરી જવાઈ છે. આવા બદ્રિકાશ્રમમાં અનન્ય અવિસ્મરણીય મહોત્સવ માણવાનો અવસર નસીબદારને જ પ્રાપ્ત થાય છે. આવા અનેરા અવસર જિંદગીમાં એક જ વાર પ્રાપ્ત થાય છે, જો તે મૂકીએ તો જીવનભર વસવસો રહી જાય છે મહોત્સવ માણવાની સુવર્ણ તક સાંપડી છે તો તેને ઝડપી લઈ જીવનને યાદગાર બનાવીએ. શ્રી નરનારાયણદેવની પ્રસન્નતા અને કૃપા મેળવીએ.

આ ભવ્યાતિભવ્ય મહોત્સવની દિવ્ય આમંત્રણ પત્રિકા આ અંકમાં પ્રકાશિત કરવામાં આવી છે. આપ સૌ સપરિવાર આ મહોત્સવમાં ઉમંગભેર પધારી જીવનનો અનમોલ લહાવો લઈ ભક્તિભાવને અભિવ્યકત કરવા અવશ્ય અચૂક પધારશો.

જય શ્રી સ્વામિનારાયણ


શ્રી ઘનશ્યામ મહારાજ


શ્રીનરનારાયણદેવ


શ્રી રાધાકૃષ્ણદેવ


શ્રી સુખશૈયા


શ્રી નીલકંઠવર્ણી


પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય
શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. મોટા મહારાજશ્રી


પ.પૂ. લાલજી મહારાજશ્રી


પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી


ઉપમહંત સ.ગુ.
સ્વામી ભગવદ્જીવનદાસજી


સ.ગુ. કોઠારી પાર્ષદવર્ય
જાદવજી ભગત

## શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ એટલે

- સંપ્રદાયનો અવિસ્મરણીય મહોત્સવ
- ધર્મકુળ, હજારો સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ લાખો હરિભક્તોથી છલકાતો મહોત્સવ
- સનાતનધર્મની જ્યોતમાં સતત દિવેલ પૂરતો મહોત્સવ
- હજારો ભૂદેવો-યજમાનો દ્વારા ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગમાં લાખો આહૂતિ આપીને ભગવાનને પ્રસન્ન કરતો મહોત્સવ
- સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપતો મહોત્સવ
- ધર્મ-ભક્તિ અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમને ઉજાગર કરતો મહોત્સવ
- ભારતવર્ષનાં અનેક તીર્થોના જલકુંભથી મહાભિષેકના દર્શન કરાવતો મહોત્સવ
- વિધ-વિધ સંસ્કૃતિની ઝાંખી કરાવતી ભવ્ય શોભાયાત્રાનો મહોત્સવ
- તેત્રીસકોટી દેવોનો વાસ છે તેવી ગાયોનું મહત્ત્વ સમજાવી ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહિત કરતો મહોત્સવ

॥ श्रीनरनारायणदेव पाहि माम् ॥

# આમંત્રણમ્

સ્વસ્તિ શ્રી...................................... મધ્યે મહાશુભસ્થાને, પરમ પવિત્ર શ્રીસહજાનંદસ્વામીના પરમ ઉપાસક એવં શ્રીજીમહારાજ કૃત ધર્મ, મર્યાદા પાલન તત્પર, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ આદિ ગુણ સંપન્ન, દેવ, આચાર્ય, સંત, સત્સંગ, સેવા પરાયણ, શ્રીજીમહારાજના પરમ લાડીલા સત્સંગ શિરોમણી
પ.ભ.................................................................................................................. પ્રત્યે

અત્રે શ્રીનરનારાયણદેવના ચરણકમળ સાન્નિધ્ય શુભસ્થાન શ્રી ભુજનગરથી તમોને હરહંમેશ યાદ કરનારા લી. મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.પુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ.ગુ. શા. સ્વામીવિશ્વપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગજીવનદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શા. સ્વામી દેવસ્વરૂપદાસજી આદી સર્વે સંતમંડળ, મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ આદી કચ્છના સમસ્ત સાં.યો. બહેનો, મુખ્ય કોઠારી મુરજીભાઈ કરસન શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા, સલાહકાર રામજીભાઈ દેવજી વેકરીયા આદી ટ્રસ્ટીમંડળ તથા યશસ્વી યજમાનશ્રીઓના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વ્હાલા ભક્તજનો... વિક્રમ સંવત ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમના દિવસે ભગવાન શ્રીહરિએ અનહદકૃપા કરીને સ્વહસ્તે ભુજમાં શ્રીનરનારાયણદેવ પ્રસ્થાપિત કરી આપ્યા. કચ્છના ભક્તોને શ્રીનરનારાયણદેવ પ્રાપ્ત થતાં જાણે મરૂભૂમિમાં ભક્તિનું મેઘધનુષ રચાયું. ભક્તો જ્યારથી શ્રીનરનારાયણદેવને આશ્રિત થયા ત્યારથી તેમના જીવનના અનેક દુઃખો, પીડાઓ અને સંશયો નાશ પામ્યા છે. જેના પ્રત્યક્ષ ઉદાહરણોની હારમાળા જોવા મળે છે. સ્વયં સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે જે દેવની પ્રતિષ્ઠા કરી હોય તે દેવના તો દર્શન માત્રથી જ આ લોક અને પરલોકના દુઃખો નાશ પામે તેમા કોઈ સંશયને સ્થાન નથી. જ્યાં સુકી ધરતી ફાટ ફાટ કરતી હોય ત્યાં શ્રીનરનારાયણદેવના પ્રતાતે કરીને ધરતી લીલીછમ ચાદર ઓઢે એ તો આંખે જોયેલા પરચા જેવું છે. આજે પણ શ્રીનરનારાયણદેવની ધજા ચડાવવા માત્રથી જ ભક્તોના દુઃખ દૂર થાય છે. કચ્છ પ્રદેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં શ્રીનરનારાયણદેવનો જ પ્રતાપ રહેલો છે. રણ વિસ્તારમાં અમૃતના પરબસમુ આ દિવ્ય મંદિર અને તેમાં પણ જેના દર્શનથી હૈયે હરખ ન માય તેવા રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ. પ્રભુની કૃપાદ્રષ્ટિથી ૨૦૦ વર્ષના ઈતિહાસમાં કચ્છની અભૂતપૂર્વ કાયાપલટ થઈ. શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૧૮-૦૪-૨૦૨૩, ચૈત્ર વદ તેરસથી ૨૬-૦૪-૨૦૨૩, વૈશાખ સુદ છઠ્ઠ સુધી ઉજવવા જઈ રહ્યા છીએ. આ અમૃત સરીખા ભક્તિના મહાસાગરમાં તરબતર થવા આપણે સૌ ઉત્સુક છીએ.

વ્હાલા સત્સંગીબંધુઓ....આ ભવ્ય મહોત્સવમાં શ્રીનરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. ગાદીવાળાશ્રી, અ.સૌ લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી દર્શનનું સુખ આપશે. દેશ-વિદેશથી અનેક ભક્તજનો પોતાના જીવનને પાવન કરવા પધારવાના છે તેમજ હિન્દુ સનાતન ધર્મના પૂજનીય સંતો મહંતો, રાજકીય મહાનુભાવો સહિત વિશિષ્ટ અતિથિઓ પધારશે. આ દિવ્ય મહોત્સવ અંતર્ગત અનેક આયોજનો થઈ રહ્યા છે તેમજ મહોત્સવ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન કથા પારાયણ, અનેકવિધ પ્રદર્શનો, મહાપૂજા, વેદપારાયણ, બાલ પારાયણ, ૨૦૦ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ તેમજ રાત્રિકાર્યક્રમો આયોજીત થવાના છે. આ મહોત્સવમાં આપણે સહપરિવાર પધારીને સત્સંગ, સેવા, સંસ્કૃતિ, સદ્‌વિદ્યા, સદ્‌વિચાર, સદ્‌ભાવના અને સત્કર્મના મહાસાગરમાંથી મહદ્‌અંશે પીયુષપાન કરવા, ભગવાન શ્રીનરનારાયણદેવની અસીમકૃપા તેમજ રાજીપો મેળવવા આપ સૌને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**આ દિવ્ય મહોત્સવમાં કચ્છના સમસ્ત સાંખ્યયોગી બહેનોને પધારવાનું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

લી. સદ્‌ગુરૂ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં સર્વે સંતમંડળ તથા
ટ્રસ્ટીમંડળના ભાવભર્યા જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

મરૂ, મેરૂ અને મહેરામણની ત્રિપૂટી સમાન ધરા એટલે શૂરા અને સંતોની ધરા. આ કચ્છની ધરામાં જ્યાં રણ જેવા વિસ્તારમાં પણ ભક્તિનું મહેરામણ ઉભરાતું હોય તેવું કોઈ જો સ્થાન હોય તો એ છે ભુજ. સ્વામિનારાયણ સંપ્રદાયના માધ્યમથી ન માત્ર બાહ્ય વૈભવ પરંતુ આ શહેરને અધ્યાત્મના રંગથી પણ રંગ્યું છે. વિશાળપાયે વિસ્તરેલા આ સત્સંગના મૂળ સ્વયં ઉદ્ધવ અવતાર સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીએ પાથરેલા છે. સાથે જ સત્સંગની માઁ સમાન સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ આ સત્સંગને પોષણ આપ્યું. એનાથી પણ વિશેષ સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમ્યાન સાત વર્ષ સુધી પોતાની અનેક લીલાઓથી આ ધરાને અને સત્સંગને ધન્ય કર્યો છે. સદ્‌ગુરુ ભૂમાનંદસ્વામી શ્રીઘનશ્યામલીલામૃતસાગરમાં લખે છે -

ઉત્સવ સમૈયા બહુ કર્યા, સાત વર્ષ તે કચ્છમાં ફર્યા, ફરી ફરીને આવ્યા ઘણીવાર, તે તો ન આવે પાર.
ભુજ ફરતા ત્રીશ યોજન, અક્ષરધામે જાય તે જન ધન્ય ભુજનગરની ધરણી, ધન્ય ત્યાંના મનુષ્યની કરણી...

શ્રી સ્વામિનારાયણ ભગવાન સંપ્રદાયનો સર્વપ્રથમ પત્ર લખે છે તેમાં સ્વસ્તિ શ્રી ભુજનગર કહીને ભુજનો ઉલ્લેખ કરે છે. આ ભુજધામ સત્સંગના પોષણાર્થે શ્રીહરિની પ્રથમ પસંદગી તરીકે ઉભરી આવ્યું. ભગવાન શ્રીહરિના છ સંકલ્પોમાંનો એક, સત્સંગના પોષણાર્થે અને લાખો જીવોના મોક્ષ માટે મહામંદિરોનાં નિર્માણ કરવા. આ સંકલ્પ ભુજનગરને આંગણે પણ ચરિતાર્થ થયો. સર્વજીવહિતાવહાયના દિવ્ય સંકલ્પ સાથે નિર્મિત પામેલાં મંદિરમાં સ્વયં શ્રીહરિએ, ભરતખંડના અધિપતિ, રાજાધિરાજ શ્રીનરનારાયણદેવની મૂર્તિને પ્રતિષ્ઠિત કરી. સંપ્રદાયનો સર્વપ્રથમ રામનવમી ઉત્સવ પણ આ ભુજનગરમાં પ્રભુએ ઉજવ્યો. ન ભૂતો ન ભવિષ્યતિ એવા અનેક સમૈયાઓ, ઉત્સવો અને મહોત્સવો ભુજમાં કરીને સહજાનંદસ્વામીએ લાખો લોકોને પરમાનંદીત કર્યા છે. અનેક લીલાઓથી પોતાના ઐશ્વર્યપણાના દર્શન પણ અહીંયા કરાવ્યા છે.

આજે જ્યાં ૨૦૦ વર્ષથી સ્વામિનારાયણ સંપ્રદાય અને આપણા સનાતન હિન્દુ ધર્મની ધ્વજા ગૌરવવંતી અને ગગનવંતી ફરકી રહી છે તેવા ભુજ ધામમાં સત્સંગી થયા બાદ તો એકવાર જરૂરથી પધારવું જ પડે છે. એટલે તો ભુજધામનો મહિમા વર્ણવતા ભૂમાનંદસ્વામી કહે છે.

કચ્છ દેશ એકવાર જાય, પંચ પાપ બળે મુક્ત થાય, તેહ અક્ષરધામનો મુક્ત, હજુર સેવામાં રહે જુક્ત.

ભરતખંડના પ્રતાપી રાજા શ્રીનરનારાયણદેવની અહૈતુકી કૃપાથી આપણને દિવ્ય સિદ્ધ સંતોની પરંપરાને સેવવાનો અવસર પ્રાપ્ત થયો છે. સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રી વૈષ્ણવાનંદ સ્વામીથી લઈને સદ્‌ગુરુ પુરાણીશ્રી ધર્મનંદનદાસજી સ્વામી સુધી સદ્‌ગુરુઓનો સહવાસ ભુજ મંદિરને પ્રાપ્ત થયો છે. આ સદ્‌ગુરુ સંતોએ આપણને જીવન જીવતાં શીખવ્યું છે. આજે કચ્છ પ્રાંતના દરેક હરિભક્ત દેશ-વિદેશમાં રહીને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું સુકાન સંભાળી રહ્યા છે તેની પાછળનું કારણ આ સદ્‌ગુરુ સંતોની અમીદ્રષ્ટિ. શ્રીહરિએ ભુજમંદિરમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી એને જોતજોતામાં ૨૦૦ વર્ષનાં વાણાં વહી ગયાં. મહાન સિદ્ધસમર્થ સંતોએ મંદિર તેમજ હરિભક્તોની સાથે સાથે સમાજમાં નાનામાં નાનો વ્યક્તિ આગળ આવે તેવો પ્રયાસ કરીને સુખી કર્યા છે તે સૌ હરિભક્તો અનુભવી રહ્યા છે. આ સંતોએ મરુભૂમિ જેવા માનસમાં લીલી હરિયાળી વાવી છે. ધર્મ, જ્ઞાન, ભક્તિ તેમજ વૈરાગ્ય સંપન્ન સદ્‌ગુરુસંતોએ ક્યારે પણ પૂજાવાની અપેક્ષા રાખી નથી. અનેક પ્રકારની સિદ્ધિઓથી સંપન્ન હોવા છતાં અનેક દિવસોના ઉપવાસ કરીને, ટાઢ તડકો જોયા વગર ડાંગરના ભૂંગામાં રહીને, કઠોર જીવન વચ્ચે આજ્ઞાનું સખત પાલન કરીને પણ આ સદ્‌ગુરુ સંતોએ સમાજને શિક્ષા અને દીક્ષાની સાથોસાથ હરિભક્તોને આજીવિકા માટે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સદ્‌ગુરુ સંતોની ચરણરજ જે જે ગામમાં પડી તે ગામ ભક્તિમય અને સુખી સંપન્ન થયું છે. ભારતવર્ષ સાક્ષી છે કે જ્યાં જ્યાં સંતની કૃપા વહી ત્યાં ત્યાં જગતનો નાથ અનાથને પણ સનાથ કરવા દોડી ગયો છે. એટલે જ તો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે;

સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ, સંત કૃપાથી પામીએ, પુરણ પુરુષોત્તમ ધામ.

સમસ્ત વિશ્વમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિએ પ્રવર્તાવેલી આ રીતિને અપનાવી આ સદ્‌ગુરુ સંતોએ આખા વિશ્વમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો અભૂતપૂર્વ પરિચય કરાવ્યો છે.

આજે અવસર આવ્યો છે આ સદ્‌ગુરુ સંતોના ઋણને સ્વીકાર કરવાનો, ત્યાગને વધાવવાનો, ચરણ પખાળવાનો, આપણા સમર્પણને અભિવ્યક્ત કરવાનો, કૃતજ્ઞતા સમર્પિત કરવાનો, ચીંધેલા માર્ગને રાજમાર્ગ બનાવવાનો અને અવસર આવ્યો છે શ્રીનરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવને તન, મન અને ધનથી ઉજવવાનો.

## ભુજ મંદિરની મહંત પરંપરા


અ.નિ. સ.ગુ.બ્રહ્માનંદ સ્વામી


અ.નિ.સ.ગુ.બ્રહ્મચારી વૈષ્ણવાનંદ સ્વામી


અ.નિ.સ.ગુ.બ્રહ્મચારી આનંદાનંદ સ્વામી


અ.નિ. સ.ગુ. મહંત સ્વામી અચ્યુતદાસજી


અ.નિ. સ.ગુ.મહંત સ્વામી અક્ષરજીવનદાસજી


અ.નિ.સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણચરણદાસજી


અ.નિ. સ.ગુ.મહંત સ્વામી ધર્મજીવનદાસજી


અ.નિ. સ.ગુ. મહંત સ્વામી મહાપુરૂષદાસજી


અ.નિ. સ.ગુ. મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી


અ.નિ. સ.ગુ. મહંત સ્વામી બાલકૃષ્ણદાસજી


અ.નિ.સ.ગુ.મહંત સ્વામી શ્રીવલ્લભદાસજી


અ.નિ. સ.ગુ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજી


અ.નિ.સ.ગુ.મહંત પુ.સ્વામી હરિસ્વરૂપદાસજી

## મહોત્સવમાં પધારનારા સંતો-મહંતો

પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી - મહંતશ્રી અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી - જેતલપુર
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજી - ગાંધીનગર
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી - અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી - ગાંધીનગર
પ.પૂ. સ.ગુ. બ્રહ્મચારી વાસુદેવાનંદજી - અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી - વડનગર
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી - છપૈયા
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી સત્યસંકલ્પદાસજી - ધોળકા
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિપ્રકાશદાસજી - મૂળી
પ.પૂ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી - પ્રયાગરાજ
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી - ચેરમેનશ્રી, વડતાલ
પ.પૂ. ડૉ. શા. સ્વામી સંતવલ્લભદાસજી - મુ.કો.શ્રી વડતાલ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નૌતમપ્રકાશદાસજી
પ્રમુખશ્રી સત્સંગમહાસભા - વડતાલ
પ.પૂ. સ.ગુ. સ્વામી જ્ઞાનજીવનદાસજી - કુંડળ
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવનંદનદાસજી - ચેરમેનશ્રી જુનાગઢ
પ.પૂ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી - મુ.કો.શ્રી જુનાગઢ
પ.પૂ. શા. સ્વામી હરિજીવનદાસજી - ચેરમેનશ્રી, ગઢપુર
પ.પૂ. સ.ગુ. સ્વામી લક્ષ્મીનારાયણદાસજી- મુ.કો.શ્રી ગઢપુર
પ.પૂ. સ્વામી હરિકેશવદાસજી - કોઠારી, ધોલેરા
પ.પૂ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી - ધોલેરા

## मङ्गलं गरुडध्वजः



विद्वद्सભा : તા. ૧૭-૦૩-૨૦૨૩ ફાગણ વદ ૧૦, શુક્રવાર, થી
તા. ૧૯-૦૩-૨૦૨૩ ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર

સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોપણ : તા. ૧૮-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૧, શનિવાર
સવારે ૯:૦૦ કલાકે

સંતસમ્મેલન : તા. ૧૯-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર
સવારે ૦૮:૦૦ કલાકે

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : તા. ૧૯-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર
બપોરે ૦૪:૦૦ કલાકે

एकं सद्विप्राः बहुधा वदन्ति । – ऋग्वेद
એક પરમાત્માને વિદ્વાનો અનેકસ્વરુપે વર્ણવે છે.

सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति । उत्तररामचरित
સંતો અને સજ્જનોનો સંગ પુણ્યનો ઉદય થાય ત્યારે જ થાય છે.

## વિશ્વયુવા સંમેલન એવં પોથીયાત્રા



તા. ૧૭-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૨, સોમવાર

गावो विश्वस्य मातरः । – वेद

ગાય વિશ્વની માતા છે.

युवा स्यात् साधु युवाऽध्यायकः ।
आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः । – तैतरीयोपनिषद्

યુવાન સજ્જન, શિક્ષણ આપનાર, આશાવાન,
મનથી તેમજ શરીરથી સશક્ત હોવો જોઈએ.

### પ્રથમ સત્ર

| | |
|---|---|
| બદ્રિકાશ્રમ મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન | : સવારે ૮:૦૦ કલાકે |
| સભામંડપ પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન | : સવારે ૮:૩૦ કલાકે |
| ગૌ મહિમા પ્રદર્શન ઉદ્‌ઘાટન | : સવારે ૮:૪૫ કલાકે |
| યુવક મંડળ પ્રદર્શન ઉદ્‌ઘાટન | : સવારે ૯:૦૦ કલાકે |
| વિશ્વયુવા સંમેલન | : સવારનાં ૯:૩૦ થી ૧૨:૦૦ કલાકે |

### દ્વિતીય સત્ર

પોથીયાત્રા : બપોર પછી ૪:૦૦ કલાકે

જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું. - ગઢડા અંત્યપ્રકરણ ૨



## દિવસ - ૧

## શ્રીનરનારાયણદેવ પૂજન

તા. ૧૮-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૩, મંગળવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી

| | |
|---|---|
| સ્થાપન પૂજન | : સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે |
| મહાપૂજા | : સવારે ૭:૦૦ કલાકે, સ્થળ : બદ્રિકાશ્રમ મહાપૂજામંડપમ્ |
| ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ | : સવારે ૭:૦૦ કલાકે, સ્થળ : યજ્ઞશાળા |
| ચતુર્વેદ પારાયણ પ્રારંભ | : સવારે ૮:૦૦ કલાકે, સ્થળ : સ્મૃતિ મંદિર |
| બાલ પારાયણ | : સવારે ૮:૦૦ કલાકે, સ્થળ : બાલ મંડપમ્ |
| દીપ પ્રાગટ્ય | : સવારે ૯:૦૦ કલાકે |
| કથા પ્રારંભ | : સવારે ૯:૧૫ થી ૧૧:૩૦ કલાકે |

रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः। –सत्संगिजीवनमाहात्म्य

વેદ વિધિ પ્રમાણ અનૂપ, વર્યા વરુણીમાં દ્વિજ ભૂપ,
હોમે હવિષ્યાન્ન હેત કરી, ભૂમિદેવ ઘણો ભાવભરી. - હરિચરિત્રામૃત

## દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી ભક્તવત્સલદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
શ્રીનરનારાયણદેવ પૂજન : સાંજે ૫:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે નારીશક્તિ દર્શન
(કન્યા વિદ્યા મંદિર ભુજ - પીયાવા એવં વિદેશનાં બહેનો)



## દિવસ - ૨

## શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ

તા. ૧૯-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૪, બુધવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારી દાસજી

શ્રી સ્વા.સેવા આશ્રમ ઉદ્‌ઘાટન
: સવારે ૮:૦૦ કલાકે
કથા પ્રારંભ
: સવારે ૮:૩૦ કલાકે

ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામ કી...
ચૈત્ર સુદી નવમી દિન જાણો રે, વાર તે સોમવાર પ્રમાણો રે,
પુષ્પ નક્ષત્ર શુક્રમાં યોગ રે, કૌલવ કરણ હરણ ભવરોગ રે,
જાતાં જામિનિ ઘટિકા દસ રે, પ્રભુ પ્રકટ્યા પૂરણ જશ રે.
- ભક્તચિંતામણી

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
શ્રી ઘનશ્યામ જન્મોત્સવ : સાંજે ૫:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (સંસ્કૃતિ દર્શન, વિદેશના યુવાનો)

## દિવસ - ૩

# માતૃ પિતૃ દેવો ભવ



તા. ૨૦-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૩૦, ગુરૂવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે
(ગુરૂકુળ દર્શન, ગુરૂકુળના વિદ્યાર્થીઓ)

सर्वतीर्थमयी माता सर्वदेवमयः पिता ।
मातरं पितरं तस्मात् सर्वयत्नेन पूजयेत् ।।

માતા સર્વ તીર્થ સમાન હોય છે,
પિતા સર્વ દેવ સમાન હોય છે.
માટે દરેક પ્રકારે માતા પિતાની
પૂજા કરવી જોઈએ.

## દિવસ - ૪

# ભુજ આગમન



તા. ૨૧-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૧, શુક્રવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
ભુજ આગમન મહોત્સવ : સાંજે ૫:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (કલા દર્શન)
(આફ્રિકા, લંડન, બેન્ડ શો,
ટેલેન્ટ શો, મેજીક શો)

સંત હરિજન સહુ સાથ,
ભુજનગર પધાર્યા છે નાથ,
મંદિરમાં કર્યો છે મુકામ,
સર્વે ભક્ત આવ્યા તેહ ઠામ.

- ઘનશ્યામ લીલામૃતસાગર



कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्याऽऽत्मना वानुसृतस्वभावात् ।
करोति यद् यत् सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ।।

श्रीमद्भागवतमहापुराण

## દિવસ - ૫

# સમર્પણ

તા. ૨૨-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૨, શનિવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી અક્ષરમુનિદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ: રાત્રે ૮:૩૦ કલાકે (ભક્તિ સંગીત દર્શન)

(સંતો, દેશ-વિદેશના ભક્તો સહ કલાકારો)

## દિવસ - ૬

# સેવા ધર્મ

તા. ૨૩-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૩, રવિવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી આનંદવલ્લભદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે

મહાભિષેક કળશયાત્રા : સાંજે ૬:૦૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (શ્રીનરનારાયણદેવ દર્શન)

(બાલ યુવા મંડળ સહ કલાકારો નૃત્ય નાટીકા)



જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે,
તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત
તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે,
ને તે વિના એકક્ષણ માત્ર પણ રહેવાય નહિ,
તો એના અંતઃકરણની જે મલિન વાસના
તે સર્વે નાશ પામી જાય છે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૨૫

# દિવસ - ૭

## સંપ્રદાય દિગ્વિજય

તા. ૨૪-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૪, સોમવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી ભક્તવત્સલદાસજી

શોભાયાત્રા : બપોરે ૧:૩૦ કલાકે
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (મોટીવેશન સ્પીચ)



છબી અતિ અદભુત બિરાજે કંચન કે,
બીચ કલશ અંબાડી કંચનકી છાજે,
ચલત હે ઘોડે ગજ આગે પીછે પાલખી,
પેદલ રથ છબી બહુત નીકી લાગે.



ભગવાન શ્રીહરિએ વૈશાખ સુદ સાતમના દિવસે
શ્રીનરનારાયણ ભગવાનની નિત્ય પૂજા,
મહાભોગાર્પણની વ્યવસ્થા
અને વાર્ષિક ઉત્સવો ઉજવવાની વ્યવસ્થા
ઉદ્ધવ સંપ્રદાયનાં નિયમોને
અનુસારે યથાયોગ્ય ગોઠવી આપી.
- સત્સંગિજીવન

# દિવસ - ૮

## સંપ્રદાય ઉત્કર્ષ

તા. ૨૫-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૫, મંગળવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

મહાભિષેક : સવારે ૬:૦૦ કલાકે
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે
અન્નકૂટ : સવારે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (મહારાસોત્સવ દર્શન)



ॐ राजाधिराजाय प्रसह्यसाहिने नमो वयं वैश्रवणाय कूर्महे ।
स मे कामान्कामकामाय मह्यं कामेश्वरो वैश्रवणो ददातु ।
कुबेराय वैश्रवणाय । महाराजाय नमः।

– यजुर्वेद

## દિવસ - ૯

# સમાપન

તા. ૨૬-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૬, બુધવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

ઉત્સવ સમાપન સમારોહ : બપોરે ૧૨:૦૦ કલાકે

### દ્વિતીય સત્ર

મહારાજોપચાર પૂજા : બપોરે ૩:૦૦ કલાકે

સ્વયંસેવક સભા : બપોરે ૩:૩૦ કલાકે

સ્થળ : મુખ્ય મંદિર

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ સ્વામિનારાયણ મંદિરમાં સંત સંમેલન યોજાયું

**કચ્છભરનાં વિવિધ સંપ્રદાયોનાં દરેક હિન્દુ મંદિર, મઠોનાં મંહતો, પૂજારીઓ, ધર્મગુરુઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, સમાજના અગ્રણીઓ, પ્રમુખ, ઉપપ્રમુખો મોટી સંખ્યામાં હાજર રહ્યા**



ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે તા.૧૯-૩-૨૦૨૩નાં સવારે ૯ કલાકથી બપોરનાં ૧૨ કલાક દરમ્યાન સંત સંમેલનમ યોજવામાં આવ્યું હતું. જેમાં કચ્છભરનાં વિવિધ સંપ્રદાયોનાં દરેક હિન્દુ મંદિર, મઠોનાં મંહતો, પુજારીઓ, ધર્મગુરૂઓ, સંસ્થાનાં ટ્રસ્ટીઓ, સમાજનાં અગ્રણીઓ, પ્રમુખ, ઉપપ્રમુખો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં અને હિન્દુ જાગરણને લઈને પોત પોતાનાં વિચારો રજુ કર્યા હતાં.

પ્રારંભમાં ઠાકોરજીની પૂજા કરી પુષ્પો અર્પણ કરી સંત સંમેલનની શરૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વે સંતો, મહંતો, ધર્મગુરૂઓ ખાસ કરીને હિન્દુ જાગરણને લઈને પોતાના વિચારો રજુ કર્યા હતાં. તેમજ ગૌમાતાનાં સંરક્ષણ ઉપર પણ ખાસ ભાર મુક્યો હતો. કચ્છ સહિત સમગ્ર દેશની જનસંખ્યા સામે ગાયોની સંખ્યા ઓછી હોય પ્રત્યેક વ્યક્તિ જો કમસેમક એક ગાયની પણ સાળ સંભાળ લેવા આગળ આવે તો કોઈપણ ગામ કે શહેરમાં ગાય રસ્તા ઉપર ક્યારેય રજળતી જોવા નહીં મળે તેવો વિચાર પણ વ્યક્ત કરાયો હતો. આ તકે ભુજ મંદિરનાં મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવત્જીવનદાસજી, પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી સનાતન સમાજ અને ગુરૂ પરંપરામાંથી આવતાં સાધુ-સંતો, મહંતો, પુજારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ તકે ઉપસ્થિત વિવિધ સંપ્રદાયોનાં દરેક મંદિરો, મઠોનાં મંહતો, પૂજારીઓને ભુજ મંદિર તરફથી પુષ્પહાર, ચંદનની માળા, શાલ સાથે શ્રી શિક્ષાપત્રી અર્થ દિપિકાસારાંશ પુસ્તક સાથે ઘડીયાળની ભેટ, પ્રસાદી તેમજ દક્ષિણા આપવામાં આવી હતી. એટલું જ નહીં પુજારીઓને નરનારાયણ દેવનાં તા.૨૫-૦૪-૨૦૨૩નાં ૨૦૦માં પાટોત્સવની ઉજવણી કરવામાં આવે તે દિવસે તેમના મંદિરોમાં પણ બિરાજમાન ઠાકોરજીને પ્રસાદ ધરાવવામાં આવે તે માટે રૂ.૧ હજારની ભેટ આપવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન સ્વામી દેવચરણદાસજી કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળે વ્યવસ્થા સંભાળી હતી. આ તકે ઉપસ્થિત તમામ સાધુ-સંતો, ધર્મગુરૂએ નિજ મંદિરમાં પ્રસાદ ગ્રહણ કર્યો હતો. R.S.S. તેમજ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓનો ખૂબજ સહયોગ મળ્યો હતો.

# દર્દીઓ માટે આશીર્વાદ સમાન ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત મેગા મેડિકલ કેમ્પો








**શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ તાલુકાઓમાં યોજાઇ રહેલા મેડિકલ કેમ્પ : માંડવી અને અંજાર ખાતે કેમ્પનો હજ્જારો દર્દીઓ લાભ લઇ રોગમુક્ત બન્યાં : ૭૫થી વધુ તબીબોની ટીમ દ્વારા દર્દીઓનું નિદાન તેમજ સારવાર : જરૂરી ઓપરેશન પણ ભુજ મંદિર દ્વારા કરાવી અપાયા**

સમગ્ર કચ્છને રોગમુક્ત કરવાનાં શુભવિચાર સાથે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરનાં મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત કચ્છનાં વિવિધ તાલુકામાં મેગા મેડિકલ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. જેનો હજ્જારો લોકો લાભ લઇ રહ્યા છે. માંડવી અને અંજાર ખાતે યોજાઇ ગયેલા મેગા મેડિકલ કેમ્પમાં તબીબોની ટીમ દ્વારા રોગનું નિદાન, સારવાર કરવાની સાથે દવાઓ પણ વિનામુલ્યે આપવામાં આવી હતી. ઓપરેશન લાયક દર્દીઓનાં ઓપરેશનો પણ ભુજ મંદિર દ્વારા કરાવી આપવામાં આવ્યા હતાં.

ભુજ મંદિર દ્વારા તા.૨૬-૨-૨૦૨૩નાં માંડવી ખાતેથી મેગા મેડિકલ કેમ્પ કરવામાં આવ્યો હતો. જેનો ૧૧૩૦ દર્દીઓએ લાભ લીધો હતો. જ્યારે બીજો મેગા મેડિકલ કેમ્પ તા.૧૨-૩-૨૦૨૩નાં અંજાર ખાતે યોજવામાં આવ્યો હતો. જેનો ૨૪૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ મેગા મેડિકલ કેમ્પમાં તબીબો દ્વારા તમામ રોગની સારવાર કરવામાં આવી રહી છે. કુલ ૭૫ ડોક્ટરોની ટીમ કેમ્પ દરમ્યાન ખડેપગે રહી દર્દીઓનું નિદાન, સારવાર તથા જરૂરી દવાઓ મંદિર દ્વારા વિનામુલ્યે આપવામાં આવી રહી છે.  આ મેગા મેડિકલ કેમ્પમાં દર્દીઓની સાર સંભાળ રાખવા તેમજ વ્યવસ્થા જાળવવા માટે સ્વયંસેવકોની સાથેસાથે સ્થાનિક તેમજ મદનપુર - બળદીયા ગામના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના યુવાનો ૧૦૦થી વધુ તેમજ ગામોગામમાંથી ૧૫૦થી ૨૫૦ જેટલા ભાઇઓ તથા બહેનો જોડાઇને પોતાની સેવા આપી હતી.

બંન્ને કેમ્પનાં પ્રારંભમાં મંદિરનાં સંતો સ.ગુ. મહંત સ્વામી તથા ઉપમહંત સ્વામી આદિ અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટ્ય સાથે કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં સ્વામી પરમહંસદાસજી અને સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજવા પાછળનો ઉદેશ્ય વર્ણવી સર્વજીવ હિતાવહનાં ભાવ સાથે રોગ મુક્ત કચ્છ બને તેવી મહંત સ્વામીની લાગણીને ઉજાગર કરી હતી.

નોંધનીય છેકે, ભુજ શ્રી સ્વામિનારાણ મંદિર દ્વારા આગામી મેગા મેડિકલ કેમ્પ તા.૨૬-૩-૨૦૨૩નાં રાપર ખાતે યોજવામાં આવશે. જેનો પણ મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લઇ રોગમુક્ત બને તે માટે મંદિરના મહંત સ્વામી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સતત બે માસ સુધી ચાલેલી મહાપૂજાનું સમાપન

**ગાયનાં ગોબર અને લીપણથી સુશોભીત પૂજાખંડમાં દરરોજ ૪૦૦થી વધુ હરિભક્તો મહાપૂજાનો લાભ લઇ શકે તેવી વ્યવસ્થા કરાઇ : કચ્છ સાથે સમગ્ર ગુજરાતનાં ૨૨થી ૨૩ હજાર હરિભક્ત ભાઇ-બહેનોએ લાભ લીધો**

ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉપલક્ષમાં નિજ મંદિર શ્રી નરનારાયણદેવ સભામંડપ ખાતે ધાર્મિક માહોલ વચ્ચે સતત બે માસ સુધી મહાપૂજા યોજવામાં આવી હતી. ગાયનાં ગોબર અને લીપણથી સુશોભિત પૂજાખંડમાં એક સાથે ૪૦૦ હરિભક્તો સામૂહિક રીતે મહાપૂજાનો લાભ લઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. તા. ૬-૧-૨૦૨૩થી શરૂ થયેલી આ મહાપૂજાનું તા. ૬-૩-૨૦૨૩નાં સમાપન કરવામાં આવ્યું હતું.

પૂજાનાં પ્રારંભમાં દરરોજ ઠાકોરજીને ગંગાજળ અને પંચામૃતથી અભિષેક કરાવી, અલંકાર ધરાવી સુવર્ણ સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવતા હતા. ત્યાર બાદ મહા પૂજાની શરૂઆત સ્વામી સૌનકમુનીદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, અને સ્વામી વ્યાસસ્વરૂપદાસજી દ્વારા શ્લોક





અને આરતીથી કરવામાં આવતી હતી. સતત બે માસ સુધી ચાલેલા આ ભક્તિયજ્ઞનો કચ્છ સાથે સમગ્ર ગુજરાતનાં ૨૩ હજાર ૪૫૫ હરિભક્ત ભાઈ-બહેનોએ ઉત્સાહભેર લાભ લીધો હતો. દરરોજ અલગ અલગ ભાવિકભક્તોએ આ મહાપૂજાનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

મહાપૂજાની શરૂઆત સવારે ૭:૩૦થી ૧૧:૧૫ અને બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક દરમ્યાન મંત્ર અનુષ્ઠાન, ક્ષમા પ્રાર્થના બાદ મહાપુજામાં ભાગ લેનાર સર્વે હરિભક્તો માટે ભોજનપ્રાસદની વ્યવસ્થા સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સંભાળી હતી. મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોની પ્રેરણા અને માર્ગદર્શનમાં નિજ મંદિરનાં પરિસરમાં ૬૦ દિવસ સુધી લોકાત્મકલ્યાણાર્થે આ મહાપૂજા કરાવવામાં આવી હતી. જેમાં સ્થાનિક ૨૦થી ૨૫ સ્વયંમ સેવકોએ વ્યવસ્થા સંભાળી હતી.

નોંધનીય છેકે, ગોપાળાનંદ સ્વામીએ ઠોકારજીની વિશેષ પૂજા-અર્ચના માટે શોળષોપચારથી પ્રથમવાર મહાપૂજા કરી હતી. એજ મહાપૂજાનો લાભ કચ્છ સહિતનાં હરિભકતોને મળ્યો હતો.

તા. ૨૮-૦૨-૨૦૨૩ શ્રીહરિજયંતીના શુભદિવસે ભુજ મંદિરના બધાજ સંતો અને કચ્છના મંદિરોના આગેવાન હરિભક્તો મહાપૂજનો લાભ લીધો હતો અને તા. ૦૬-૦૩-૨૦૨૩ ના રોજ સંપ્રદાયના મુખ્ય ૯ મંદિરના સંતો ગુજરાતમાંથી આવી આ મહાપૂજામાં સહભાગી થયા હતા.

તા.૦૭-૦૩-૨૦૨૩ ના શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અંતિમદિને મહાપૂજા કરવામાં આવી હતી અને બપોર પછી ઉદ્યાપન કરવામાં આવેલ અને મહાઆરતી સાથે આ ૬૧ દિવસના મહાપૂજા એવં મહાઅનુષ્ઠાનનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ભુજમાં દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમ ખાતે વિજય ધ્વજ લહેરાવાયો





### મોટા મહારાજશ્રીની ખાસ ઉપસ્થિતમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ધ્વજનું પૂજન કરાયું : વાજતે ગાજતે શોભાયાત્રા સ્વરૂપે ધ્વજને બદ્રિકાશ્રમ લઇ જવાયો : ૨૦૦ ફુટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફુટની વિશાળ લાંબી ધ્વજારોહણ

ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત ગત તા. ૧૮-૩-૨૦૨૩નાં ભુજની ભાગોળે ઉભા કરવામાં આવેલા બદ્રિકાશ્રમ ખાતે સુવર્ણ વિજય ધ્વજ રોહણનો રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદથી મોટા મહારાજશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ધ્વજનું પૂજન કરવાની સાથે ૨૦૦ ફુટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફુટની વિશાળ લાંબી ધ્વજા ફરકાવામાં આવી હતી.

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવને હવે ગણતરીના દિવસો જ બાકી રહેવા પામ્યા છે. ત્યારે મહોત્સવની ઉજવણી અંતર્ગત ભુજની ભાગોળે મિરજાપર રોડ ઉપર આવેલા સેન્ડલ વુડની સામે ૨૨૦ એકરમાં વિશાળ બદ્રીકાશ્રમ ઉભુ કરવામાં આવ્યું છે. અહીં કથા, પ્રદર્શની સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે. તે પૂર્વે પરંપરા મુજબ મહોત્સવનાં પ્રારંભે વિજય ધ્વજ લહેરાવવામાં આવે છે.

જે અંતર્ગત ગત તા. ૧૮-૩-૨૦૨૩નાં શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સવારનાં સમયે શ્રી નરનારાયણદેવની મૂર્તિ સામે વિજય ધ્વજનું પ.પૂ. મોટા





મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ યજમાનોનાં હસ્તે વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. બાદમાં ધ્વજ સાથે નિજ મંદિરેથી વાજતે-ગાજતે શોભા યાત્રા સ્વરૂપે મીરઝાપર રોડ પર તૈયાર કરવામાં આવેલ દ્વિશતાબ્દી સ્થળ બદ્રિકાશ્રમ પહોંચ્યા હતાં. અહીં ૨૦૦ ફુટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફૂટ લાંબા વિજય ધ્વજને લહેરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંતો, ટ્રસ્ટીગણ, સમગ્ર કચ્છના હરિભક્તો, રાજકીય મહેમાનો સહિતનાં મોટીસંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતાં. આ તકે વિજય ધ્વજ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ગીતને પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ ગીત પર બાળકો દ્વારા સુંદર નૃત્યની રજૂઆત કરાઈ હતી. જે ઉપસ્થિતિ તમામ હરિભક્તોમાં પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## ભુજનાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

### અંજારના નવ નિયુક્ત ધારાસભ્યનું પણ સન્માન કરાયું : તેમણે વિદ્યાલયમાં આપેલા યોગદાનને યાદ કરાયાં



ભુજનાં સ્વામિનારાયણ વિદ્યાલય ખાતે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયેલો હતો. જેમાં પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપાવામાં આવી. સાથોસાથ અંજારનાં ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાનું પણ ધારાસભ્ય પદે નવનિયુક્ત થવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

વિદ્યા સંકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ ત્રિકમભાઈ છાંગાના સંસ્થા-વિદ્યાલયના વિકાસમાં આપેલા મહત્વપૂર્ણ યોગદાનને યાદ કરી યોગ્ય વ્યક્તિનું યોગ્ય સન્માન થયું હોવાનું જણાવ્યું હતું. તો કેળવણી મંડળના મંત્રી વિનોદભાઈ શિયાણીએ ત્રિકમભાઈ છાંગાના વિદ્યાલય અને સંસ્થાના વિકાસ માટેના પ્રદાનને યાદ કર્યા હતાં.

કાર્યક્રમનાં પ્રારંભમાં પ્રસંગ પરિચય આપતાં આચાર્ય સુરેશભાઈ પટેલે ત્રિકમભાઈ છાંગાએ શાળાના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કર્યા હતાં.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં ત્રિકમભાઈ છાંગાએ કહ્યુ હતું કે, આ સંસ્થા જૂની ઋષિ પરંપરાને યાદ અપાવે છે. ધારાસભ્ય પદ બનવામાં સંસ્થાનાં શિક્ષક તથા આચાર્ય પદે વિતાવેલા ૩૦ વર્ષનો ફાળો છે. સંતો તથા સંસ્થાના તમામ ટ્રસ્ટીઓની પ્રેરણાએ ધારાસભ્ય સુધીની સફર પ્રાપ્ત કરવામાં યોગદાન આપ્યુ છે.

શાસ્ત્રી સ્વામી અધ્યક્ષતામાં યોજાયેલા સમારંભમાં નવ નિયુક્ત ધારાસભ્યનું સહ સંચાલક અક્ષરમુક્તદાસજી, કેળવણી મંડળનાં પ્રમુખ કે.કે. હિરાણી, વિદ્યાર્થી ભવનનાં પ્રમુખ અરવિંદભાઈ પીંડોરીયા, કેળવણી મંડળના ઉપપ્રમુખ જગદીશભાઈ વાઘાણી, મંત્રી વિનોદભાઈ શિયાણી, ટ્રસ્ટી મનનભાઈ ઠક્કર, વિજ્ઞાન પ્રવાહના આચાર્ય કલ્પેશભાઈ પટેલ, પ્રાથમિક વિભાગનાં આચાર્ય વિનયભાઈ શીલુ તથા વિદ્યાલય પરિવારનાં સભ્યોએ શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું.

કાર્યક્રમનું સંચાલન શિક્ષક હિતેશભાઈ વ્યાસે તથા વ્યવસ્થા સહયોગ ચેતનભાઈ

લાખાણી, ઉપેનભાઈ સોલંકી, ભરતભાઈ સાપાનેરા, સહદેવસિંહ જાડેજા તથા સમગ્ર વિદ્યાલય પરિવારે સંભાળી હતી.

# ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સતત ત્રણ દિવસ સુધી વિદ્વાનો દ્વારા શાસ્ત્રાર્થ

**ત્રિદિવસીય વિદ્વત સંમેલનમાં કાશી, નેપાળ, વારાણસી, સોમનાથ, ઉજ્જૈન, મેલુકોટે, તિરૂપતિ, બેંગ્લોર તેમજ ભુજ સહિતનાં ૩૫ થી વધુ વિદ્વાનો સંપ્રદાયના વિદ્વાન સંતોએ દશ સત્રમાં સંસ્કૃતિ વિદ્વત ગોષ્ઠી કરી**






ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉપલક્ષમાં ત્રિદિવસીય વિદ્વત સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં કાસી, નેપાળ સહિતનાં ૩૫થી વધુ વિદ્વાનોએ ભાગ લીધો હતો અને શાસ્ત્રાર્થ કર્યો હતો. આ ત્રિદિવસીય સંમેલનનો પ્રારંભ ગત તા. ૧૭-૩-૨૦૨૩નાં કરવામાં આવ્યો હતો. જ્યારે તા. ૧૯-૩-૨૦૨૩નાં સમાપન સમયે તમામ વિદ્વાનોએ સ.ગુ. મહંત સ્વામીને પ્રમાણ પત્ર તથા મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું.

વિવિધ સંપ્રદાયોનાં સિદ્ધાંતોની લોકોને મૂળ સિદ્ધાંત અને મૂળ સંપ્રદાયની સમજણ મળે તેમજ લોકોને મહિમા સમજાય તેવા હેતું સાથે ભુજ સ્વામિનારાયણ મંદિરમાં વિદ્વત સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં મુખ્યત્વે કાશી, નેપાળ, વારાણસી, સોમનાથ તેમજ વડતાલ, અમદાવાદ, ઉજ્જૈન, જુનાગઢ, મેલુકોટે, બેગ્લોર, તિરૂપતિ, ગઢપુર અને ભુજ સહિતનાં ૩૫ જેટલા વિદ્વવાનો જોડાયા હતાં. જગતગુરૂ શ્રી રામાનુજાચાર્ય વિશ્વકસેના આચાર્ય મહારાજની ખાસ ઉપસ્થિતિમાં સળંગ આઠ સત્રમાં શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો હતો.

તા. ૧૭-૩-૨૦૨૩નાં ત્રિદિવસીય વિદ્વત સંમેલના પ્રારંભે સવારે ૮:૩૦ કલાકે ઠાકોરજીની સાથે શાસ્ત્રોનું પૂજન કરી શાસ્ત્રો લઈ સૌ વિદ્વાનો સભા મંડપમાં પહોચ્યા હતા. અહીં ઉપસ્થિત સર્વે વિદ્વાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. બાદમાં તમામ વિદ્વાનોને સદગુરુ મહંત સ્વામી આદિ સંતો દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઠાકોરજીના પૂજન સાથે વિદ્વત સંમેલનનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મીટીંગ હોલમાં સવારનાં ૯:૩૦થી ચર્ચા સત્રની શરૂઆત કરવામાં આવી હતી અને દિવસભર વિદ્વાનો દ્વારા શાસ્ત્રાર્થ કરવામાં આવતો હતો. કુલ દશ સત્રમાં સતત ત્રણ દિવસ સુધી સંસ્કૃત વિદ્વત ગોષ્ઠી કરવામાં આવી હતી. તા. ૧૯-૩-૨૦૨૩નાં સમાપન પ્રસંગે શ્રી નરનારાયણદેવ સભા મંડપ (ડોમમાં) સર્વે વિદ્વાનોએ સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીને પ્રમાણપત્ર આપવાની સાથે કાશીના વિદ્વાનો દ્વારા મહંત સ્વામીને પ્રશસ્તીપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# ભુજની છાત્રા કલા મહાકુંભમાં ઝોન કક્ષાએ લગ્નગીતમાં પ્રથમ

**ટીમ હવે રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે : સંચાલક મંડળ અને સંસ્થા પરિવારે આનંદની લાગણી વ્યકત કરી**

ભુજનાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર અને નરનારાયણદેવ ગર્લ્સ એકેડમી શાળાની વિદ્યાર્થિનીઓએ કલા મહાકુંભમાં ઝોન કક્ષાએ લગ્નગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કચ્છનું તેમજ સંસ્થાનું ગૌરવ વધાર્યું. આ ટીમ હવે રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગત તા. ૨૪ ફેબ્રુઆરીનાં પાલનપુર ખાતે ઝોન કક્ષાનાં કલા મહાકુંભ હરિફાઇ યોજવામાં આવી હતી. જેમાં







લગ્નગીત હરિફાઈમાં ૯ થી ૧૪ વર્ષનાં વયજૂથમાં મુખ્ય ગાયીકા કેરાઈ દષ્ટિ કિશોરભાઈ અને ૧૫ થી ૨૦ વર્ષની વયજૂથમાં હિરાણી ધ્રુવી ગોવિંદભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરતાં શાળાની યશ કલગીમાં વધુ એક પીછું ઉમેરાયું હતું. પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલી ટીમ હવે રાજય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થિનીઓ અને લગ્નગીત તૈયાર કરાવનાર શાળાનાં સંગીત શિક્ષિકા દેવૃત્તિબેન ગઢવીને ભુજ સ્વામિનારાયણ મંદિરનાં સ.ગુ.મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટ મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈએ શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરનાં સંચાલક મંડળ અને સંસ્થા પરિવારે આનંદની લાગણી વ્યકત કરી હતી.

## ભુજની દિકરીઓએ કલા મહાકુંભની રાજય કક્ષાની સ્પર્ધામાં વગાડ્યો કચ્છનો ડંકો

### સ્કૂલબેન્ડની સ્પર્ધામાં દ્વિતીય જ્યારે લગ્નગીતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું

ભુજ સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર અને શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી શાળાની વિદ્યાર્થિનીઓએ તાજેતરમાં યોજાયેલા કલા મહાકુંભમાં રાજય કક્ષાએ સ્કૂલ બેન્ડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. જ્યારે લગ્નગીતમાં તૃતીય સ્થાન મેળવી સમગ્ર રાજયમાં કચ્છનો ડંકો વગાડ્યો હતો.

ભુજ સ્વામિનારાયણ મંદિર સંચાલિત સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ ઉત્તર ઝોન પ્રદેશ કક્ષાએ યોજાયેલા કલા મહાકુંભમાં સ્કૂલ બેન્ડ અને લગ્ન ગીતની સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી રાજયકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. અમરેલી ખાતે યોજાયેલી સ્કુલ બેન્ડ સ્પર્ધામાં દ્વિતીય અને લગ્ન ગીત સ્પર્ધામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું.

સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ દીકરીઓ અને સ્ટાફ પરિવારને ભુજ સ્વામિનારાયણ મંદિરનાં સ.ગુ. મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટ મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈએ આશીર્વાદ સહ અભિનંદન આપ્યા હતા. સંચાલક મંડળ, સંસ્થા પરિવાર તરફથી દીકરીઓને શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે કરવામાં આવી માતૃભાષા દિવસની ઊજવણી

શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે, સંચાલક સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી નીલકંઠદાસજીનું માર્ગદર્શન અનુસારશ્રી પુરુષોત્તમ વિદ્યાલય -ગુજરાતી માધ્યમ દ્વારા તા. ૨૧-૨-૨૦૨૩ના રોજ માતૃભાષાદિનની ઉજવણી કરવામાં આવી.

માતૃભાષા દિનની ઉજવણીના ઉપલક્ષમાં ધોરણ-૭અને ધોરણ-૮ના બાળકો માટે અનુલેખન,સુલેખન, શ્રુતલેખન જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી. સાથોસાથ ગુરુકુળના શિક્ષક શ્રી અનિલભાઈ મિસણે 'માતૃભાષાનો મહિમા' વિષય પર વકતવ્ય આપ્યું હતું. ધોરણ-૮ના બાળકોએ પુસ્તકમાં સમાવિષ્ટ 'સાકરનો શોધનારો' નાટક રજૂ કર્યુ હતું. ધોરણ -૬ ના બાળકોએ 'ક'થી'જ્ઞ' મૂળાક્ષરો શુદ્ધ ઉચ્ચાર અને યોગ્ય ઝડપ સાથે બોલવાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધોરણ ૬થી ૯અને ૧૧ના વિદ્યાર્થીઓએ હાસ્યનાટિકા, માતૃભાષાનું મહત્વ દર્શાવતું નૃત્ય રજૂ કર્યુ હતું. તેમજ ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન આપનાર એવા સાહિત્યકારોના જીવન કવનનો પરિચય તેમજ તેમની પ્રસિદ્ધ રચનાઓના ગાન દ્વારા આસ્વાદ કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિષ્ણાબેન ગોરસીયા કર્યું હતું. તેમજ આભારવિધિ દક્ષાબેન ગોરે કરી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભાવિકાબેન હિરાણીએ સહકાર આપ્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વે શિક્ષક મિત્રોનો સહયોગ સાંપડ્યો હતો. શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડા સાહેબે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સર્વે સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

## શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની ઉજવણી

શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે, શ્રી પુરૂષોત્તમ વિદ્યાલય - ગુજરાતી માધ્યમ ખાતે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ની ઉજવણીના ઉપલક્ષમાં શ્રીસહજાનંદ સાયન્સ ક્વિઝ યોજવામાં આવી. જેમાં ધોરણ-૬ થી ૯ ના બાળકો એ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ વિજ્ઞાન, ગણિત અને સામાન્ય જ્ઞાન જેવા વિષયોને આવરી, દ્દશ્ય, શ્રાવ્ય માધ્યમની મદદથી ક્વિઝ લેવામાં આવી. ક્વિઝમાં 'ભાસ્કરાચાર્ય' 'રામાનુજન' 'રામન' 'આર્યભટ્ટ' જેવી જુદી જુદી ટીમ પાડવામાં આવી. તેમજ 'સાયન્સ નોલેજ' 'શોધ અને શોધક' 'રેપિડ ફાયર' અને 'પિક્ચર પઝલ' વગેરે જેવા રસપ્રદ અને આકર્ષક રાઉન્ડ યોજવામાં આવ્યા.જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

ક્વિઝને જુદા જુદા માધ્યમ અને જુદી જુદી પદ્ધતિ, પ્રયુક્તિ દ્વારા શિક્ષક શ્રી હાર્દિકભાઈ વ્યાસે રસપ્રદ અને રોમાંચક બનાવી હતી.

ક્વિઝમાં વિજેતા જાહેર થનાર ટીમના વિદ્યાર્થીઓને સ્વામી આનંદસ્વરૂપ દાસજી,સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા આચાર્યશ્રી મદનસિંહ ચાવડાજી સાહેબના વરદ્ હસ્તે પ્રમાણપત્ર તેમજ ઇનામ આપી પ્રોત્સાહિત-સન્માનિત કરવામાં આવ્યા હતા.ક્વિઝનું સંચાલન હાર્દિકભાઈ વ્યાસે કર્યું હતું. કોમ્પ્યૂટર એકસપર્ટ તરીકે હિતેશભાઈ ગોસ્વામીએ સેવા આપી હતી. નિર્ણાયક તરીકેની જવાબદારી હરેશભાઈ પટેલ, અનિલભાઈ મિસણ, સુખદેવસિંહ જાડેજા અને નિખિલભાઇ પોમલે સંભાળી હતી. 'એકસપર્ટ એડવાઈઝ' ની સેવા ફાલ્ગુનીબેન પટેલ અને ભાવિકાબેન હિરાણીએ આપી હતી. વિપુલભાઈ રાવલ, ઉર્વશીબેન હિરાણી અને વિષ્ણાબેન ગોરસીયા વ્યવસ્થામાં સહભાગી બન્યાં હતાં. ક્વિઝ તૈયાર કરવામાં ફાલ્ગુનીબેન પટેલ,નિખિલભાઇ પોમલ, ભાવિકાબેન હિરાણીનો સહયોગ સાંપડ્યો હતો. તેઓએ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## માંડવી સ્વામિનારાયણ મંદિરમાં માતા પિતાનાં પૂજનનો કાર્યક્રમ યોજાયો

### સંતોએ માતા પિતાઓ વચ્ચે સંતાનોને કેવા આદરભાવ અને પૂજ્ય ભાવ હોવો જોઇએ તે વિષય પર દ્રષ્ટાંત અને સિદ્ધાંતોની સમજ આપી : બાળકો બાલિકાઓની ધાર્મિક પરીક્ષાઓ પણ લેવામાં આવી

માંડવી ખાતે સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન વૃંદાવન વિહારી મહારાજનાં સાનિધ્યમાં ગત તા. ૫ માર્ચ ૨૦૨૩નાં બાળકો દ્વારા માતા-પિતાનાં પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી અને સ્વામી ઘનશ્યામવલ્લભદાસજીએ માતા-પિતાઓ વચ્ચે સંતાનોને કેવો આદર ભાવ અને પૂજ્ય ભાવ હોવો જોઈએ તે વિષય પર દ્રષ્ટાંત અને સિદ્ધાંતોની સમજ આપી હતી. બાદમાં મંદિરનાં ગોર ભુદેવો દ્વારા સંસ્કૃતનાં મંત્રોચ્ચાર સાથે માતા-પિતાનું પૂજન કરાવવામાં આવ્યું હતું.

બાલ મંડળનાં સંચાલક સંગીતકાર સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા સ્વામી નારાયણપ્રિયદાસજીએ વર્ષ દરમિયાન બાળકોમાં સંસ્કારોનું સિંચન, બાળકોમાં લાગણી, પ્રેમભાવનાં પિયુષ પાયાં હતાં. તેઓ માર્ગદર્શન પુરૂં પાડી પોષણ આપી રહ્યા છે. આ અવસરે સ્વામી રાધારમણદાસજી અને સ્વામી અક્ષરવિહારીદાસજી હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મંદિરનાં સાખ્યયોગી બહેનોએ મંદિરમાં બાળકો બાલિકાઓની ધાર્મિક પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં સારા માર્ક્સ સાથે પાસ થયેલા બાળકો સૃષ્ટિ હિરાણી, મોક્ષી હાલાઈ, રિદ્ધિ વેદાંત, મૂર્તિ આસોડીયા, રંજના વેકરીયા, દ્રષ્ટી ભંડેરી, પૂનમ પિંડોરિયા, ક્રિશ પિંડોરિયા, ધ્યાન કેરાઈ, આયુષ હાલાઈ, મિત હાલાઈને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતાં. બાલિકાઓને ઉપદેશના વચનોથી રાજી કરવામાં આવ્યાં હતાં. ત્યારે માંડવી વાડી વિસ્તારના ચારે કાંધાનાં બાળકો બાલિકાઓ અને વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન દિનેશ નારણ રાબડીયા, સુરજાણી જયંતિ નાગજીએ કર્યુ હતું. પ્રસાદ યજમાન સાંખ્યયોગી જશુબાઈ મનજી વેકરીયા અને જાન્વીબેન ઘનશ્યામ છભાડીયા-કેરીચો, નાઈરોબી રહ્યાં હતાં.

નોંધનીય છેકે, માતા પિતા અને વડીલોનો આદર, પૂજ્ય ભાવ અને સેવાની ભાવનાએ ભારતીય વૈદિક પરંપરા છે. ભગવાન સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં કરેલા આદેશ મુજબ માતા, પિતા, ગુરૂ અને રોગાતૂરજનોની સેવા જીવનપર્યત કરવી. શ્રવણે પણ પોતાનાં આંધળા મા-બાપની સેવા કરી રાજીપો મેળવ્યો હતો. એ ન્યાયે માંડવી ખાતે વૃંદાવન વિહારી મહારાજનાં પટાંગણમાં પિતૃ પૂજનનો કાર્યક્રમ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

## મુન્દ્રામાં સત્સંગી બહેનોએ વિશ્વ મહિલા દિને આગવા અંદાજમાં નારી શક્તિનો પરિચય આપ્યો

**સ્વામિનારાયણ મંદિરની ૩૦ જેટલી સત્સંગીબહેનોએ નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામિનારાયણ મહામંત્ર લેખન દ્વારા શ્રી રાધાકૃષ્ણ, શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી નરનારાયણદેવની કલાત્મક મૂર્તિ કંડારી**



મુન્દ્રા ખાતે સ્વામિનારાયણ મંદિરની ૩૦ જેટલી સત્સંગીબહેનોએ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામિનારાયણ મહામંત્ર લેખન દ્વારા શ્રીરાધાકૃષ્ણ, શ્રીઘનશ્યામ મહારાજ અને શ્રીનરનારાયણદેવની કલાત્મક મૂર્તિ કંડારીને વિશ્વ મહિલા દિને આગવા અંદાજમાં નારી શક્તિનો પરિચય આપ્યો હતો. હેન્ડ, હાર્ટ અને હેડના સમન્વયથી કલાત્મક રંગોથી નારી દ્વારા નારાયણની સપ્તરંગી સાધનાથી રંગપર્વની અનોખી ઉજવણી કરાઈ હતી.

સમસ્ત સાંખ્યયોગી બાઈઓની પ્રેરણાથી ગૃહસ્થ બહેનોએ આ અનોખા મૂર્તિ મંત્રલેખન અભિયાનમાં ઉત્સાહથી જોડાઈ હતી. સંસ્કાર, સૌંદર્ય અને સર્જનાત્મકતા ખીલવતી આ પ્રવૃત્તિમાં કેટલાય પરિવારો પાવન થયા હતાં. મૌન વિચારનું વાહક એક ચિત્રથી એક હજાર શબ્દની અનુભૂતિ થતી હતી. ભુજ મંદિર ખાતે મોકલાયેલા આ ચિત્ર મૂર્તિ જોઇને સ.ગુ. મહંત સ્વામી સહિત વડીલ સંતોએ રાજીપો વ્યક્ત કર્યો હતો.

અનેકોના જીવનમાં રંગ પૂરતી મુન્દ્રાની નારી શક્તિને ભક્તિનો રંગ લાગ્યો હતો. કોઈકે ચિત્રમાં શ્રદ્ધાનાં રંગો પૂર્યા તો કોઈકે મંત્ર લેખનથી મૂર્તિ કંડારીને આબેહૂબ નારાયણના દર્શન કરાવ્યા હતાં. સ્વામિનારાયણ મંદિરની સત્સંગી બહેનોની સક્રિય સહભાગિતાએ રંગોત્સવમાં રંગ રાખ્યો હતો.

ભુજનાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા યુવા માનસની કૃતિ, વૃત્તિ અને પ્રવૃત્તિને પોષીને કલા સાધનાથી દેવ વંદના કરવાના આ અનૂઠા પ્રયાસને ડીજીટલ યુગમાં કોઈપણ કલા અંતે તો સાધના હોવાનું જણાવ્યું હતું.

## અંજાર સ્વામિનારાયણ મંદિરમાં રાત્રી સત્સંગ સભા, પુષ્પદોલોત્સવ, ગુણાનુવાદ સભા યોજાઇ

**સંતોએ રાત્રી સભામાં શ્રોતા જનોને સુદામા આખ્યાનની કથા સંભળાવી : શ્રી નરનારાયણદેવ જન્મોત્સવ નિમિત્તે આરતી, પુષ્પદોલોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઇ**

અંજાર ખાતે સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનાં સાનિધ્યમાં મંદિરનાં મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી મહાપુરૂષદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી તથા કોઠારી સ્વામી હરિમુકુન્દદાસજી આદિ સંત મંડળના શુભ સંકલ્પથી સત્સંગ સભા, પુષ્પદોલોત્સવ, ગુણાનુવાદ સભા સહિતનાં ઉત્સવો યોજાયા હતા.

તા. ૨૩-૦૨-૨૦૨૩ થી તા. ૨૫-૦૨-૨૦૨૩ દરમ્યાન નિજ મંદિરમાં રાત્રી સભા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ રાત્રીએ સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સભા તથા બાકીની બન્ને રાત્રીએ સભાના વક્તા પદે શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહ્યા હતા. તેઓએ પોતાની આગવી શૈલીમાં શ્રોતા જનોને સુદામા આખ્યાનની કથા સંભળાવી હતી. સભા બાદ સર્વેને યજમાનો દ્વારા મહા પ્રસાદ આપવામાં આવ્યો હતો. જેનાં યજમાન તરીકે ગુરૂ સાં.યો.અ.નિ. શાન્તાબાઇ, હસ્તે મહંત સાં.યો. ત્રિવેણીબેન, સહજાનંદ જવેલર્સ-અંજાર તથા અ.નિ.જયાબેન બાબુલાલ દાવડા, હસ્તે ભરત દાબેલી દાવડા પરિવાર-રાપર રહ્યા હતા. સભાનું સંચાલન મંડલેશ્વર સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી હરિમુકુન્દદાસજીએ કર્યુ હતું. જ્યારે વ્યવસ્થા કોઠારી સ્વામી સંતજીવનદાસજીએ સંભાળી હતી.

તા. ૦૮-૦૩-૨૦૨૩નાં શ્રી નરનારાયણદેવ જન્મોત્સવ નિમિત્તે આરતી, પુષ્પદોલોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમા મોટી સંખ્યામાં હરિ ભક્તો જોડાયા હતા. અંતમાં સર્વે હરિભક્તોને ધાણીનાં પ્રસાદનું વિતરણ કરાયું હતું.

પુરાણી સ્વામી મોરલીમનોહરદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીની ૯૩ વર્ષની વયે તા.૦૨-૦૩-૨૦૨૩નાં રોજ અક્ષરવાસી થયા હતાં તે નિમીત્તે સ્વામિનારાયણ મંદિર ખાતે તા.૧૨-૦૩-૨૦૨૩નાં સ્વામીની ગુણાનુવાદ સભા રાખવામાં આવી હતી. જેમાં ગામ ગામથી સંતો ભક્તો જોડાયા હતા. સમર્થ તથા ભુજ મંદિરના મુખ્ય કાર્યકર્તાઓ માના સ્વામી પ્રેમપ્રકાશદાસજીના જવાથી ન

પુરી શકાય તેવી ખોટ સત્સંગ સમાજને પડી છે.

તેમણે ભુજ સ્વામિનારાયણ મંદિર તરફી અને જીવ પ્રાણી માત્રની સેવાનું જબર કામ કર્યું હતું. જીવનમાં પરોપકારનાં કાર્યો કરવાનો ઉપદેશ પોતાનાં વર્તનથી બતાવીને સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ચિંતવન રાખી, મંદિરમાં રહેતા બસો જેટલા સંતોને તથા હરિભક્તોને પરમ વાત્સલ્ય આપ્યું હતું. એમના સમાગમમાં આવવું કે એમની સેવા મળવી, એ અનંતની પરમ કૃપાનું ફળ હોય છે. અનેકને કથાઓ દ્વારા પ્રભુ સન્મુખ કર્યા હોય અને પ્રભુના સંદેશાને પ્રગટ સ્વરૂપ આપ્યું હોય, એની જનેતા કે પિતા કે જન્મભૂમિ ઓછાં ભાગ્ય વાળી કદી ન હોય.

તેમણે માંડવી, ભુજ, અંજાર, શિખરબંધ તથા અન્ય ૪૦ જેવા નાના મોટા મંદિરોમાં બાંધકામ વિગેરેની ઘણી મોટી સેવા કરી હતી. એક વિરલ વિભૂતિનું સદાયને માટે ઘનશ્યામ મહારાજની સેવામાં અક્ષરધામ સિધાવું એ એક જબરો આઘાત હતો પણ અટળ નિયમ સ્વીકારવો રહ્યો.

સભા સંચાલન શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું, વક્તા તરીકે સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતાં. આ કાર્યક્રમોને સફળ બનાવવા મંડલેશ્વર સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી, કોઠારી સ્વામી હરિમુકુન્દદાસજી આદિ સંતો તથા સાં.યો.બહેનો, હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

મેહુલભાઈ પ્રવિણભાઈ ઠકકર, અંજાર.

# સત્સંગ સમાચાર - વિદેશ

## કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પત્રિકાનું વિમોચન

**ભુજ સ્વામિનારાયણ મંદિરનાં સંતોની ઉપસ્થિતિમાં દ્વિશતાબ્દી મહોત્સવનો આમંત્રણ વિડિયો સભામાં રજુ કરાયો : તમામને મહોત્સવમાં પધારવા માટે ખાસ ભલામણ પણ કરી**





ગત તા. ૦૮-૩-૨૦૨૩નાં કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પત્રિકાનું ધામધૂમથી વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારે ભુજ સ્વામિનારાયણ મંદિરનાં સંતો પૈકી સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી ઘન શ્યામપ્રસાદદાસજી, સ્વામી દેવવિહારીદાસજી અને સ્વામી ધર્મવત્સલદાસજી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે દ્વિશતાબ્દી મહોત્સવનો આમંત્રણ વિડિયો પણ સભામાં રજુ કરવામાં આવ્યો હતો.

સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ આશીર્વચન પાઠવ્યાં હતાં અને બધાને ઉત્સવમાં પધારવા આમંત્રિત કરાયા હતાં. મહોત્સવમાં પધારવા માટે ખાસ ભલામણ પણ કરી હતી. ત્યારે કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોનાં પ્રમુખ સુરેશભાઈ શિવજી રાબડીયા, ઉપપ્રમુખ કાનજીભાઈ મનજી કેરાઈ, મંત્રી રીકીનભાઈ દિનેશ કેરાઈ, સહ મંત્રી હરીશભાઈ કરસન જેસાણી, સયુંકત ખજાનજી લલિતભાઈ કરસન ભંડેરી, સયુંકત ખજાનજી ધર્મેન્દ્રભાઈ ધનજી જેસાણી તેમજ સર્વે કમિટી સભ્યો તેમજ ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહ્યુ હતું.

કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો ખાતે બાલ-યુવક મંડળને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય આગામી તા. ૨૧-૦૭-૨૦૨૩ થી ૩૦-૦૭-૨૦૨૩ દરમ્યાન 'ભાવ વંદના મહોત્સવ' ઉજવવામાં આવશે. સાથો સાથ અધિક માસમાં બહેનોની કથા પણ યોજવામાં આવશે.

અહીં ગત તા. ૧૨-૦૩-૨૦૨૩ નિજ મંદિર દ્વારા હોળીનો રંગ ઉત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૩૦૦થી વધુ હરિભક્તોએ સ્વામિનારાયણ સંપ્રદાયની મર્યાદા મુજબ હોળીનો રંગ ઉત્સવ રમ્યા હતાં. હેરો મંદિરનાં હરિકૃષ્ણ મહારાજ પણ આ ઉત્સવમાં સામેલ હતા અને હરિભક્તોને લાડ લડાવ્યા હતાં. ઉત્સવ બાદ તમામ હરિભક્તોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# ભુજ મંદિરના વરિષ્ટ સંત સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીનો અક્ષરવાસ.



સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી ભુજ મંદિરના એક વરિષ્ટ અને કર્મનિષ્ટ સંત હતા. આજીવન સત્સંગની સેવા. ભજનપરાયણ રહેનાર આ પવિત્ર સંતનો જન્મ ભુજની બાજુમાં આવેલ ગામ સુખપુરમાં થયો હતો. પિતાશ્રીનુ નામ નાનજીભાઈ લક્ષ્મણ ધનાણી. માતાજીનું નામ ધનબાઈ નાનાજી ધનાણી હતું. પિતાશ્રી નાનજીભાઈના ત્રણ પુત્રો હતા. તેમાં સૌથી મોટા કલ્યાણભાઈ, વચટ દેવજીભાઈ અને નાના કાનજીભાઈ હતા. સૌથી નાના કાનજીભાઈને નાનપણથી વૈરાગ્ય હતો. એટલે ગામના મંદિરમાં સાંજે સવારે ઘણો સમય ગાળતા. સમય જતાં કાનજી ૨૧ વર્ષની યુવાવસ્થામાં સંસાર છોડીને ભુજ મંદિરમાં શ્રીનરનારાયણદેવની સેવામાં આવી ગયા. બે વર્ષ સુધી વડિલ સંતોની આજ્ઞાથી મંદિરની ફૂલવાડીમાં ગાયોની સેવા, મંદિરમાં સંતોના ભંડારમાં સેવા, ઠાકોરજીની સેવા કરતા રહ્યા. કાનજી ભગતની સેવાથી સંતો રાજી થયા અને સંત બનવાની રજા આપી અને શ્રીનરનારાયણદેવના સન્મુખ ચાંદલો વિધિ કરીને દેવને અર્પણ થઈ ગયા. ત્યારપછી સંપ્રદાયના પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્યશ્રી શ્રીદેવેન્દ્રપ્રસાદજી મહારાજીના હસ્તે ફાગણ સુદ એકાદશી સંવત્ ૨૦૦૮, તા. ૦૭-૦૩-૧૯૫૨ શુક્રવારના રોજ ભાગવતી સંત દીક્ષા ગ્રહણ કરીને સ્વામી પ્રેમપ્રકાશદાસજી એવુ નામ ધારણ કર્યું અને ભુજ મંદિરના વડીલ સદ્‌ગુરુ સ્વામી મોરલી મનોહરદાસજીના શિષ્ય થયા. ત્યારપછી વડીલ સદ્‌ગુરુ સંતોની આજ્ઞા મુજબ સત્સંગની સેવામાં જોડાઈ ગયા. સ્વામીજીની ભજન ભક્તિ કરવામાં શ્રદ્ધા અને રૂચી હતી તેવીજ સત્સંગના વ્યવહારીક કાર્યમાં પણ એવી જ શ્રદ્ધા - બુદ્ધિ અને રૂચી હતી, તેથી નવા નવા ગામોમાં જઈને પ્રથમ સત્સંગ કરાવે અને પછી તે ગામમાં મંદિર પણ બનાવી આપે એમ અનેક ગામોમાં નૂતન મંદિરો બન્યાં અને કેટલાક ગામોમાં જૂના મંદિરોનો જીર્ણોધાર કરવી આપ્યો હતો. સ્વામીજી સત્સંગની સેવાની સાથો સાથ સંત મંડળની પણ મોટી જવાબદારી નિભાવતા હતા. મંડળના મંડળધારી હતા એટલે નાના સંતોને સત્સંગની પરંપરા અને રીતરીવાજો શિખવવામાં પણ અતિ ઉત્સાહ રાખતા હતા. કોઈ સંત થવા આવે તેવા ભગતને પ્રાકૃત ગ્રન્થોનો પાઠ આપવામાં અતિ રુચિવાળા હતા. સ્વામીજીના શિષ્યોમાં છ સંતો છે - તેમાં પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી, પુરાણી સ્વામી મુકતવલ્લભદાસજી, સ્વામી માધવજીવનદાસજી, સ્વામી વિશ્વસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી. આ સંતોને સ્વામીજીએ સત્સંગમાં લાવીને શ્રીનરનારાયણદેવની સેવામાં અર્પણ કર્યા છે.

સત્સંગની સેવા.... ભુજ મંદિરે સમાજસુધારા માટે એક અભિયાન ચલાવેલું તેમાં જે ગામમાં સત્સંગ ન હોય તેવા નવા નવા ગામોમાં જઈને ગામને ચોરે સભા કરવી અને તેમાં ગામના લોકો આવે તેમને વ્યસનમુક્તિ કરાવીને સંસ્કારો સાથે સત્સંગ કરાવવામાં મુખ્ય જવાબદારી સ્વામીજીને આપવામાં આવી. સ્વામીજી તેવા ગામોમાં જતા અને ગામને ચોરે સભા કરીને સત્સંગ કરાવતા. ગામના લોકોને વ્યસન છોડવાનું નિયમ આપતા અને સત્સંગના વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી સત્સંગી બનાવતા ગામમાં જ્યારે ઘણો સત્સંગ થાય ત્યારે ગામમાં મંદિર પણ બનાવી આપે. કચ્છના મંડળના સંતોની સાથે ચોવીશીના ગામોમાં, અબડાસાના ગામોમાં, તેમજ વાગડના ગામોમાં મોટા સંતો સાથે ફરીને સત્સંગ કરવામાં અતિ ઉત્સાહ રાખતા અને આજીવન સત્સંગ કરાવતા રહ્યા.

મંદિરની મુખ્ય સંત સમિતિ (ટ્રસ્ટીપદે) ૩૫ પાંત્રીસ વર્ષસુધી સેવા... શાસ્ત્રી સ્વામી મહંત ધર્મજીવનદાસજી મહારાજના ધામમાં સિધાવ્યા પછી પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી મહંત પદે આવ્યા ત્યારે પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ સ્વામીજીની વ્યવહાર કુશળતા જોઈને પોતાની સાથે મદદમાં સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશ દાસજીની માંગ કરીને ટ્રસ્ટીપદની સેવામાં રાખ્યા. સતત પાંત્રીસ વર્ષ સુધી ટ્રસ્ટીપદે રહીને મંદિરની અનેક વિધ પ્રવૃત્તિના નિર્ણયમાં સ્વામીજીની બહુ મહત્વની ભૂમિકા રહી હતી.

મંદિરોનાં નિર્માણો.... સ્વામીજી બહું ભણ્યા ન હતા પરંતુ બાંધકામ કરવામાં ઈન્જીનીયર બનાવે તેવો મંદિરનો નકશો સ્વયં બનાવતા. કાગળ ઉપર સ્વયં નકશો બનાવીને ઈન્જીનીયરને બતાવતા અને નિયમ મૂજબ જે કાઈ થોડો ફેરફાર કરવો ઘટે તે સુધારી આપે એટલે મંદિરના પાયા છપાતા. સત્સંગીઓના ગામોમાં નવું મંદિર બનાવવું હોય અથવા જીર્ણોધાર કરવો હાય ત્યારે ગામના હરિભક્તો ભુજ મંદિરમાં સ્વામીજીને જ મળીને વાત કરતા કે અમારા ગામમાં મંદિર બનાવવું છે તમો મુખ્ય જબાવદારી લ્યો તો મંદિર બની શકે. તેથી સ્વામીજી હરિભક્તોની ઈચ્છા પ્રમાણે મંદિર બનાવવાની મુખ્ય જવાબદારી લેતા અને મંદિરના બાધકામમાં જો ફંડ (રૂપિયા) ઘટે તો સ્વામીજી બીજા ગામોમાં જઈને ઝોળી ફેરવીને ફંડ ભેગો કરીને ગામમાં મંદિર બનાવી આપતા. સ્વામીજીએ પોતાની મુખ્ય જવાબદારીમાં મોટાં મોટાં અગીયાર મંદિરો બનાવ્યાં છે તેમાં વાગડ વિસ્તારનું મુખ્ય મથક ગણાતું એવું રાપર, તેમ જ આધોઈ, સરદારનગર, ખારોઈ, ચિરાઈ, કંથકોટ, ભચાઉ જેવા ગામોમાં મંદિરો બનાવ્યાં અને ચોવીશી ગામનું વાડાસર, અબડાસા દેશમાં આવેલ રવાપર, તથા માંડવી અને મુદ્રામાં મંદિરો બવાવવામાં સ્વામીજીનું મુખ્યયોગદાન રહ્યું છે. તેમ જ અનેક ગામોમાં મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યો છે. વિદેશોમાં મંદિરોના નિર્માણમાં પણ મહંત સ્વામી સાથે રહીને યુરોપ, આફ્રિકાખંડોમાં અનેક મંદિરોનાં નિર્માણમાં સ્વામીજીનું ઘણું યોગદાન રહ્યું છે.

સ્વામિનારાયણ વિશ્રાન્તિ ભુવનનાં નિર્માણ. મુંબઈ તેમજ ગાધીનગર ભાટમાં તથા કાલુપુર મંદિરની બાજુમાં વિશ્રાન્તિ ભુવનોનાં નિર્માણ કરવું એવું ભુજ મંદિરનું ટ્રસ્ટી મંડળે નક્કિ કર્યું ત્યારે મુખ્ય જબાવદારી સદ્‌ગુરુ સ્વામી ભક્તિલ્લભદાસજીને શોપવામાં આવી હતી પરંતુ સ્વામી ભક્તિવલ્લભદાસજીએ સદ્‌ગુરુ પ્રેમપ્રકાશદાસજીની

Shree Swaminarayan Dharmasandesh
RNI No. : GUJ/GUJ/2001/5643 Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023





સલહાસૂચન લઈને નિર્માણ કાર્ય કરતા. તેથી આ ત્રણે ભુવનોના નિર્માણમાં પણ સ્વામીજીનું યોગદાન રહ્યું છે.

ગુરુકુળોનાં નિર્માણો.. કચ્છના વિવિધ વિસ્તારોમાં છ ગુરુકુળો, બે કન્યાછાત્રાલયો અને વિદ્યાલયો તેમ જ કોલેજના વિદ્યાર્થીઓને રહેવા માટે સ્મૃતિ મંદિરમાં કોલેજ હોસ્ટેલના નિર્માણમાં મંદિરના ટ્રસ્ટી સંતો સાથે રહીને નિર્ણય કરવામાં બહું મોટી ભૂમિકા નિભાવી હતી. અને સારીરીતે ગુરુકુળોના નિર્માણો થાય અને સારી રીતે સદાય ચાલતાં રહે તેમાં સ્વામીજીની જે સલાહ આપી હતી તેને ગુરુકુળના સંચાલક સૌ સંતોએ સ્વીકારી હતી.

શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર.. શ્રીસ્વામિનારાયણ ભગવાનના અવતારને બસો ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં ભુજ મંદિર દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો તેમાં જે સ્થામાં ૨૦૦ બસો યજ્ઞકુન્ડોની યજ્ઞશાળા કરવામાં આવી હતી તે સ્થાન ઉપર યજ્ઞની સ્મૃતિરૂપે સ્મૃતિ મંદિરનું નિર્માણ કરવું એવું જ્યારે મંદિરના વડીલ સંતો, ટ્રસ્ટી હરિભક્તોએ નક્કિ કર્યું ત્યારે મંદિરનું કેવું નિર્માણ કરવું તેની મુખ્ય જવાબદારી સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીને શોપવામાં આવી હતી ત્યારે પણ સ્વામીજીએ પોતાની શુદ્ધબુદ્ધથી ભુજમાં દર્શનીય કલાત્મક સ્મૃતિ મંદિરનું નિર્માણ કર્યું છે જે આજે પણ ભુજ શહેરનું નજરાણું થઈ રહ્યું છે.

ગાયોની સેવા.... કચ્છના દુષ્કાળના વર્ષોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ગાયોના વાળોઓ કરીને તેમાં માલધારીની ગાયોને રાખીને જ્યાર સુધી સારો વર્ષાદ ન થાય અને વગડાઓમાં ઘાસ ઉગીને તૈયાર ન થાય ત્યાં સુધી ગાયોને ચારો આપવો તેમાં પણ મુખ્ય જબાબદારી સ્વામીજીને જ શોપવામાં આવી અને સ્વામીજી પણ ખંત અને ઉત્સાહથી સેવા કરતા રહ્યા. કચ્છમાં દુષ્કાળ હોતાં કચ્છમાં ક્યાય ઘાસ ન મળે એટલે ગુજરાતના બીજા વિસ્તારોમાંથી ઝાલાવાડ, ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં જઈને દશ દિવસ અથવા પંદર દિવસો સુધી ત્યાં રોકાઈને ખેડુતો પાસેથી ઘાસ લઈને પોતે જાતે જ ગાડીઓ ભરાવીને કચ્છમાં મોકલાવે અને ચાલતા ઢોળવાળાઓમાં રહેલ ગાયોને નિરણ આપીને સેવા કરતા.

ગરીબોને સહાય.. કચ્છમાં વારે વારે દુષ્કાળ પડતો હોય છે તેથી મંદિરે ગરીબોને સહાય માટે ગરીબ રાહત સમિતિની રચના કરી હતી તેમાં મુખ્યપણે સ્વામીજીને રાખવામાં આવ્યા હતા. જ્યારે જ્યારે દુષ્કાળ પડતો ત્યારે ગરીબોને જીવન જરુરૂયાની વસ્તુઓની ગાડીઓ ભરીને દુષ્કાળગ્રસ્ત ગામોમાં જઈને ગરીબોને સમગ્રીની કીટો આપતા તેમાં સ્વામીજી ટાઢ, તડકો, સમય જોયા વિના સ્વયં હરિભક્તો સાથે ચાલે એક એક ઘરે જઈને સામગ્રીઓનું વિતરણ કરતા હતા. તેમાં ધાબડાઓનું વિતરણ હોય, કે અન્નાજનું વિતરણ હોય તેની સાથે ઘી, તેલ મસાલાઓ, કપડાંઓ, વિદ્યાર્થીઓને ભણવામાં ઉપયોગી વસ્તુઓ આ બધુ ઘર ઘર સુધી પહોંચાડમાં સ્વામીજીની બહું મોટી સેવા રહી છે.

સાહિત્ય સેવા ... સ્વામીજી જેટલા ભજન ભક્તિ, સેવા તેમજ મંદિરોના નિર્માણો તથા કથા-વાર્તાઓમાં રુચિ અને શ્રદ્ધા હતી તેવીજ રુચિ સંપ્રદાયના સાહિત્ય પ્રત્યે પણ હતી તેથી સ્વામીજી શાસ્ત્ર વાંચન કરતા હતા. કાવ્ય ગ્રન્થોની ચોપાઈને મધુર રાગમાં ગાવું અને તુલસીકૃત રામાયણની અનેક ચોપાઈ સ્વામીજીને હૃદયસ્થ હતી જ્યારે કથા કરતા હોય ત્યારે ચોક્કસ પણે ચોપાઈને મધુર રાગમાં ગઈને ભક્તોને આનંદિત કરતા હતા. સાહિત્ય પ્રત્યે અતિ રુચિ હોતાં સ્વામીજીએ સ્વયં ‘‘સત્સંગની દિવ્યવાર્તા’’ જેવાં ત્રણ પુસ્તકો લખી ભુજ મંદિર દ્વારા પ્રકાશિત કર્યાં હતાં. આ પુસ્તકો આજે પણ ભક્તોને વાંચવાં ગમે છે.

આ રીતે સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ ૭૧ વર્ષ સુધી સંત આશ્રમમાં રહીને સનાતન ધર્મ, સત્સંગની ખૂબ સેવા કરીને પોતાનું જીવન ધન્ય કરી દીધું અને ૯૨ વર્ષ આ પૃથ્વીપર રહીને જે દિવસે સંવત્ ૨૦૦૮ ફાગણ સુદ એકાદશીના ભાગવતી સંત દીક્ષા લીધી હતી એજ દિવસે એકાદશીના અક્ષરધામમાં સિધાવ્યા અને યોગાનુંયોગ ફાગણ સુદ પુનમના સ્વામીજીના ગુણાનુંવાદની સભા રાખવામાં આવી હતી એજ દિવસે સ્વામીજીનો જન્મ દિવસ હતો. મોટાપુરુષોના જીવનમાં આવા પવિત્ર યોગ આવતા હોય છે એ એક શુભનું પ્રતિક બને છે. આવા મોટા સંતોના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને આપણે આપણું જીવન ઉજ્જ્લ બને એવા ભગવાનના ચરણોમાં પ્રાર્થના સહ... જય શ્રીસ્વામિનારાયણ.

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી – ભુજ